## હરિની દ્રષ્ટિ...
- હરિન ભટ્ટ




સરકરની જેમ અમે પણ ખૂશ છીએ... બધુ સમુસૂતરૂ પાર પડીગયુ...!!

# ધોળાકુવામાંથી એકસેસ અને સેકટર-૩ માંથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૧૬
શહેરને અડીને આવેલા ધોળાકુવા ગામના ઠોકરવાસમાંથી સુઝુકી એકસેસની ચોરી થતા ચકચાર મચી જવા પામી છે.કરિયાણાની દુકાન ધરાવતા યુવકનું ઘર પાસે પાર્ક કરેલા એકસેસની ચોરી કરી અજાણ્યો શખ્સ ફરાર થઈ ગયો છે. જયારે બીજા બનાવમાં સેકટર-૩ સી ખાતે ઘર પાસે ખુલ્લી જગ્યામાંથી બાઈકની ચોરી થવા પામી છે. બનાવ અંગે ઈન્ફોસીટી-સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ વાહનચોર તરખાટ મચાવી રહ્યા છે. શહેરમાંથી આંતરે દિવસો વાહનચોરીને અંજામ આપવામાં આવે છે. વાહન ચોર પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ધોળાકુવા ઠાકોરવાસ ખાતે મેલાજી હીરાજી ઠાકોર પરિવાર સાથે રહે છે. જયારે ઘરની બાજુમાં દેવલ કિરાણા સ્ટોર્સ નામની દુકાન ચલાવી અમારૂ ગુજરાન ચલાવુ છુ.જયારે દુકાનનો સામાન લેવા માટે સુઝુકી એકસેસ નં. જી.જે.૧૮.સી.જે.-૧૪૫૧ નો ઉપયોગ કરતો હતો. ગત તા.૧૦ ડિસેમ્બરના રોજ રાત્રીના સાડા દશ વાગ્યાના અરસામાં વેપારીએ પોતાનું એકસેસ ઘરની બહાર પાર્ક કર્યું હતું. બીજા દિવસ સવારે ઉઠીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર એસસેસ દેખાયુ ન હતું.એકસેસની આસપાસના વિસ્તારમાં તેમજ ગામમાં શોધખોળ કરી હતી. જયારે ભુલ થી કોઈની ચાવી લાગી હશે તો લઈ ગયો હશે, જે પરત એકસેસ મુકી જશે. પરંતુ આજદિન સુધી એકસેસ મળી ન આવતા વેપારીએ રૂ.૨૦ હજારના એકસેસ ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે. જયારે બીજા બનાવમાં સેકટર-૩ સી ખાતે ૬૫૨-૨ ખાતે રહેતા દિગ્વિજયસિંહ ભરતસિંહ રાઠોડ સેકટર-૨૧ ખાતે વિશ્વકર્મા શોંપીગ સેન્ટરમાં શિવશકિત પ્રિન્ટીંગ પ્રેસ ચલાવે છે. ઘરેથી દુકાને જવા માટે દિગ્વિજયસિંહ બાઈક નં. જી.જે.૧૮.ડી.એચ.-૨૬૯૭ નો ઉપયોગ કરતા હતા. જયારે ગત તા.૧૩ ના રોજ રાત્રીના સાડા નવ વાગ્યાના સુમારે સેકટર-૭ માંથી શાકભાજી ખરીદીને ઘરે આવી બાઈક પાર્ક કર્યું હતું. જયારે બીજા દિવસે સવારે ઉઠીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. યુવકે બાઈક અંગે આસપાસના વિસ્તારમાં તપાસ કરી હોવા છતા બાઈક મળી આવ્યું ન હતું. ત્યારે પાટનગરમાં ઘર પાસે પાર્ક કરેલા વાહનો પણ સલામત રહ્યા નથી.ત્યારે નગરમાં વાહનચોરી અટકવાનું નામ લેતી નથી.ત્યારે યુવકે સેકટર-૭ પોલીસ મથકે રૂ.૨૫ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળી તપાસ કરી છે.



ગાંધીનગર બાર એસોસીએશનની રસાકસીભરી ચૂંટણી યોજાઈ હતી. ગાંધીનગર કોર્ટના વકીલોએ બાર એસોસીએશનના પ્રમુખ, ઉપપ્રમુખ અને હોદ્દેદારોની વરણી માટે બેલેટ પેપરથી મતદાન કર્યુ હતુ. પ્રમુખ પદ માટે પાંચ દાવેદારો અને ઉપપ્રમુખ પદ માટે આઠ ઉમેદવારોએ દાવેદારી નોંધાવતા ચૂંટણી જંગ રોચક બન્યો છે.

## ખૂણેખાંચરેથી

● જિલ્લા પંચાયતમાં ખેતીવાડી શાખા દ્વારા યોજનાકીય કામગીરીના લક્ષ્યાંકો તેમજ અન્ય કામગીરીને લઈ અમલીકરણ અધિકારીઓ અને વિસ્તરણ અધિકારીઓની બેઠક યોજાઈ હતી.

● જિલ્લા કલેકટર કચેરીમાં ત્રણ નાયબ મામલતદાર ડી.આઈ. રાઓલ, સવશીભાઈ પટેલ અને હેમાબેન જોશીની બદલીના હુકમો કરાયા છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● ગાંધીનગર શહેરમાં જાહેર પાર્કિંગની સમસ્યા ફરી એકવાર ઉભરી આવતાં તંત્રની ચિંતા વધી છે.

● ગાંધીનગર જિલ્લામાં વાદળછાયુ વાતાવરણ, ગરમી અને ઠંડીની સિઝન જોવા મળી રહી છે.

● રાજયના મહેસુલ વિભાગમાં આજે અધિકારીઓની સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

● આરોગ્ય વિભાગના ક્વોલીટી સેલ દ્વારા જિલ્લાના અધિકારીઓ સાથે ક્વોલીટી એસ્યોરન્સની કામગીરીની સમીક્ષા કરાઈ હતી.

● સચિવાલય સંકુલમાં જાન્યુઆરીના આરંભમાં સચિવોની બદલીનો ગંજીફો ચીપાશે તેવી ચર્ચાઓ આરંભાઈ છે.

● દહેગામના સાણોદા ગામે એક દિકરીનું ઝેરી જનાવરે ડંખ મારતાં અવસાન થયાના સમાચારથી સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી છે.

● વિધાનસભાના ટુંકા સત્ર અને ધારાસભ્યોની શપથવિધિને લઈ તડામાર તૈયારીઓ આરંભાઈ છે.

● આજોલ સંસ્કારતીર્થમાં આનંદ મેળાનું આયોજન કરાયુ હતુ.

● ચિલોડા પ્રા. શાળાનો સ્થાપના દિવસ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

● જિલ્લા આંતરિક બદલીના કેમ્પ સ્થગિત કરવાના આદેશો સરકાર દ્વારા કરવામાં આવ્યા છે.

## રણાસણ રીંગરોડ પર અજાણ્યા વાહનની ટક્કરે યુવકને ઈજા

ગાંધીનગર, તા.૧૬
ગાંધીનગરના રણાસણ રીંગરોડ પર અજાણ્યા વાહનની ટક્કર વાગતા શ્રમિક યુવકને માથાના ભાગે તેમજ મોં પર ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રણાસણ ઈન્દીરાનગર ખાતે રામવકિલ કેશવજી દિવાકર ઠાકુર ગેરેજમાં કામ કરે છે અને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેના પરિવારમાં પત્ની, માતા તેમજ નાનો ભાઈ દિવાનસિંહ અને તેની પત્ની ખુશ્બુ સહિતના સભ્યો સંયુકત પરિવારમાં રહીએ છીએ.જયારે નાનો ભાઈ દિવાનસિંહ પણ છુટક મજુરી કામ કરે છે. ગત તા.૯ ના રોજ ઘરેથી નીકળી રામવકીલજી પરિવારના સભ્યો સાથે રાજકોટ ફરવા માટે જઈ રહ્યા હતા.તે સમયે તેમનો નાનો ભાઈ દિવાનસિહ સવારના સમયે રણાસણ સર્કલ ખાતે આસપાસના વિસ્તારમાં છુટક મજુરી કામ માટે ઘરેથી નીકળ્યો હતો.

જયારે બપોરે એક વાગે રણાસણથી કોઈનો ફોન આવ્યો હતો અને કહ્યું કે તમારા ભાઈ દિવાનસિંહને રીંગરોડ સ્વાગત હોટલ પાસે કોઈ વાહન ચાલકે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. દિવાનસિંહ માર્ગ પર પટકાતા મોંઢા પર અને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ૧૦૮માં તાત્કાલીક સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ ગયા હતા.જયારે દિવાનસિંહ હાલ અમદાવાદ સિવિલ ખાતે આઈસીયુ વોર્ડમાં બેભાન અવસ્થામાં સારવાર હેઠળ છે. બનાવ અંગે ડભોડા પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સિવિલમાં વીઆઈપી વોર્ડના દર્દીઓને ડ્રેસીંગ માટે વોર્ડમાં જવુ પડે છે

ગાંધીનગર, તા.૧૬
ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વીવીઆઈપી દર્દીઓ માટે વીઆઈપી વોર્ડ તૈયાર કરાયો છે. જે રૂમનુ ભાડુ પણ તંત્ર દ્વારા વસુલવામાં આવે છે. પરંતુ સ્પેશ્યલ રૂમમાં ખાસ સુવિધાઓ ઉપલબ્ધ નથી. પરંતુ સ્પેશ્યલ વોર્ડમાં સારવાર હેઠળ રહેલા દર્દીઓને પણ ડ્રેસીંગ માટે વોર્ડમાં ફરજીયાત જવુ પડે છે. વીઆઈપી વોર્ડમાં ડ્રેસીંગ માટે કોઈ આવતુ નહી હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે. તાવ થી માંડીને ડાયાલીસીસ સુધીના દર્દીઓ આવતા હોય છે. તાત્કાલીક વિભાગ અને ઓપીડી દર્દીઓથી ઉભરાતી હોય છે. હાલ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ પણ કેમ્પસમાં તૈયાર થઈ રહી છે. ગાયનેક, ઓર્થોપેડીક અને સર્જરી વિભાગમાં દર્દીઓના ઓપરેશન થાય છે. ત્યારે કેટલાક વીઆઈપી દર્દીઓ સ્પેશ્યલ વોર્ડમાં આવેલા રૂમમાં સારવાર હેઠળ હોય છે. ત્યારે આ રૂમનું ભાડુ પણ સિવિલ તંત્ર દ્વારા વસુલવામાં આવે છે. તેમ છતા સ્પેશ્યલ રૂમમાં સારવાર લઈ રહેલા દર્દીઓને ડ્રેસીંગ માટે જે તે વોર્ડમાં જવુ પડે છે. જેથી દર્દીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સ્પેશ્યલ વોર્ડમાં દર્દીઓને ડ્રેસીંગની સારવાર કેમ આપવામાં આવતી નથી. તે સિવિલ તંત્ર જાણે, પરંતુ સિવિલમાં સ્પેશ્યલ વોર્ડના દર્દીઓને રૂમમાં જ ડ્રેસીંગની સારવાર મળી રહે તેવી માંગ ઉઠવા પામી છે.

## એલસીબીમાં ફરજ બજાવનાર લતીફખાનનું હદયરોગના હુમલાથી અવસાન

ગાંધીનગર,તા.૧૬
ગાંધીનગર શહેરની લોકલ ક્રાઈમ બ્રાંચમાં છેલ્લા ત્રણ વર્ષથી નોંધપાત્ર ફરજ બજાવી નોંધનીય કામગીરી કરનાર હેડ કોન્સ્ટેબલ લતીફખાન મહેમુદખાન પઠાણનું આજે સવારે અચાનક હદયરોગના હુમલાથી અવસાન થતા જિલ્લા પોલીસ બેડામાં શોકનુ મોજુ ફરી વળ્યું છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કલોલના પાનસર ગુલમહોર સોસાયટી પાસે રહેતા હેડ કોન્સ્ટેબલ લતીફખાન પઠાણ વર્ષ ૨૦૦૯ ની ભરતીમાં પોલીસ વિભાગમાં જોડાયા હતા. તેમના પરિવારમાં પત્ની કરિશ્માબહેન, ૧૧ વર્ષનો દિકરો વસીમ અને ૭ વર્ષનો દિકરો આતિફ છે. હસમુખો ચહેરો અને સ્વભાવે શાંત અને સરળ લતીફખાન બાતમીદારોનું મોટું નેટવર્ક ધરાવતા હતા. જેને પગલે ગુનાહિત પ્રવૃતિઓને ભેદ ઉકેલવામાં લતીફખાનનું મોટુ યોગદાન રહ્યું છે. કલોલ થી



માંડીને જિલ્લામાં ચાલતી દેશી-વિદેશી દારૂની પ્રવૃતિ પર અનેકવાર લતીફખાનની બાતમીને પગલે પોલીસે સફળ રેડ કરી ગુનેગારોને પકડી પાડ્યા હતા. જયારે વર્ષ ૨૦૧૯ થી એલસીબી-૧ માં પોલીસ હેડ કોન્સ્ટેબલ તરીકે લતીફખાન ફરજ બજાવતા હતા. આજે સવારે અગીયાર વાગ્યાના અરસામાં લતીફખાનને હદયરોગનો હુમલો આવ્યો હતો. હાર્ટ એટેકને પગલે લતીફ ખાનને તાત્કાલીક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. પરંતુ ફરજ પરના ડોકટરે ચેક કરી લતીફખાનને મૃત જાહેર કર્યા હતા. જયારે બનાવની જાણ થતા પરિવારના સભ્યો પર પહાડ તુટી પડ્યો હતો. જયારે એલસીબીમાં ફરજ બજાવનાર લતીફખાનના અવસાનના સમાચાર મળતા જ પીઆઈ અને સ્ટાફના જવાનો હોસ્પિટલ ખાતે દોડી પહોંચ્યા હતા. જયારે લતીફખાનના પરિવારના હૈયાફાટ રૂદનથી સૌ કોઈની આંખો ભીની થઈ હતી.

## છાલાના મનસ્વી તલાટી સામે અરજદારની સરકારમાં રાવ

**હુ કોઈ સોગંદનામાને માનતો નથી એમ કહી સરકારી વ્યવસ્થાને પડકાર ફેકતા તલાટી સામે સખ્ત પગલાં લેવા માંગ**

ચિલોડા, તા. ૧૬
રાજય સરકાર એક તરફ લોકો ની સુલભતા માટે તેમને પોતાના સરકારી કામો માં ઓછા ધક્કા ખાવા પડે તે માટે અનેક નિયમો માં ફેરફાર કરી રહી છે ત્યારે સરકાર ના જ મુલાજીમ બાબુઓ સરકારના નિયમો ની ઐસી તૈસી કરી તેના થી ઉલટું પોતાનું જ શાસન કચેરીમાં ચાલશે સરકાર ના નિયમો નહિ ચાલે તેવી મનમાની ચલાવી સરકાર ને પડકાર ફેંકી રહ્યા છે આવો જ એક કડવો અનુભવ છાલા ગ્રામ પંચાયત માં પોતાની દિકરી માટે લગ્ન નોધણી કરવા ગયેલા અરજદાર ને થયો છે અને અંતે આ અરજદારે ન્યાય માટે સરકાર ના દરવાજે ફરિયાદ કરી છે છાલા ના માતાપુરા વિસ્તારમાં રહેતા અમૃતભાઈ લક્ષ્મણભાઈ ચૌધરી ની પુત્રી ના લગ્ન ગત ઓકટોબર માસમાં લેવામાં આવ્યા હતા સમય સંજોગો તથા પોતાની આર્થિક સ્થિતિ ના કારણોસર તેમણે પોતાની દિકરી ના લગ્ન સાદાઈ થી કરવા નું નક્કી કરેલ હોવાથી લગ્ન ની કંકોત્રી પણ છપાવેલ નથી કે લગ્ન માં કોઈ પણ પ્રકારના ફોટોસેશન કે વિડીયો ગ્રાફી કરવામાં આવી ન હતી ફક્ત અંગત સંબધીઓ ની હાજરી માં વિધિ પૂર્વક લગ્ન પુરા કરેલ હતા પરંતુ તેમને આ સાદાઈ થી કરેલ લગ્ન ગામ ના તલાટી ને માફક ના આવ્યા અને જયારે પોતાની દિકરી સાથે લગ્ન ની નોધણી કરાવા માટે છાલા ગ્રામ પંચાયત કચેરી માં ગયા લગ્ન ના તમામ કાગળો પુરાવાઓ પુત્રી તથા જમાઈ નું લગ્ન નું સોગંદનામુ વિધિ કરનાર ગોર મહારાજ નું સોગંદનામુ સહિત ના કાગળો તેમણે તલાટી સમક્ષ રજુ કર્યા પણ કાગળો જોઈ ને તલાટી નો પારો સાતમા આસમાને પહોંચી ગયો અને તમે ખોટા લગ્ન નોંધાવા આવ્યા છો .લગ્ન ની કંકોત્રી લાવો ફોટા લાવો ..આવા સોગંદનામા અહીં નહીં ચાલે તેમ કહી કાગળો જમીન પર ફેંકી દીધા હતા અને કચેરી માં થી બહાર કાઢી મુકવામાં આવ્યા હતા પોતાની દિકરી ના કાયદેસર ના લગ્ન કરેલ છે કંકોત્રી છપાવેલ નથી તેનો ઉલ્લેખ સોગંદનામા માં કરેલ છે એવી આજીજી કરી પણ આ સરકારી બાબુ ટસ ના મસ ના થયા .આ બનાવ થી અરજદાર તથા તેમની દિકરી આઘાત માં છે ત્યારે સરકાર ના જ નિયમો ને પડકારતા આ માથાભારે તલાટી સામે સખ્ત પગલાં લેવા માટે અરજદારે પણ બાયો ચઢાવી ને તેની વિરુદ્ધ સરકાર માં વિવિધ કક્ષાએ પોતાની ફરિયાદ લેખિત માં કરી છે વળી છાલા ગામ ના આ તલાટી પાસે હાલ છાલા ઉપરાંત કાનપુર ગામ નો ચાર્જ પણ છે પણ પોતાની મરજી થી આવે છે અને તલાટી મહાશય બાજુ ના ગામ ના વતની હોવાથી તથા એક વગદાર નેતા ના સગા હોઈ અરજદારો ને કામ હોય તો પોતાના વતનમાં ઘરે બોલાવી કામ કરાવી જવાનું કહેતા હોવાનું પણ નાગરિકો પાસેથી જાણવા મળ્યું છે ત્યારે ઉચ્ચ કક્ષાએ થી આ મનમાંજીલા તલાટી સામે શું પગલાં લેવાય છે તે જોવું રહ્યું...

# ગુજરાત વિદ્યાપીઠમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જાતે સફાઈ અભિયાન આદર્યું

**'ગાંધીયન' કહેવડાવતા લોકોની વ્યવસ્થામાં અપાર ગંદકીથી આચાર્ય દેવવ્રતજી વ્યથિત**



ગાંધીનગર, તા. ૧૬
મહાત્મા ગાંધીજીના સપનાને સાકાર કરનાર સંસ્થાન ગુજરાત વિદ્યાપીઠ પરિસરની ગંદકી જોઈને રાજ્યપાલ અને ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી આચાર્ય દેવવ્રતજી એટલા દુઃખી અને વ્યથિત થયા છે કે તેઓ સ્વયં હાથમાં પાવડો-ઝાડુ લઈને વિદ્યાપીઠ પરિસરમાં સ્વચ્છતા અભિયાન ચલાવી રહ્યા છે. આચાર્ય દેવવ્રતજીએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સફાઈકર્મીઓ સાથે મળીને વિધાપીઠના પરિસરમાં જાતે શ્રમયજ્ઞ કરીને સફાઈ કરી હતી. રાજયપાલ અને ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ છેલ્લા પંદર દિવસથી વિધાપીઠ પરિસરમાં સ્વચ્છતા અભિયાન ઉપાડ્યું છે. પોતાની જાતને 'ગાંધીયન' ગણાવતા વ્યવસ્થાપકોની વ્યવસ્થામાં ગુજરાત વિદ્યાપીઠ સ્વચ્છતાની દ્રષ્ટિએ ગંદકીનું ઘર બની ગઈ છે. પૂજ્ય ગાંધીજીનું આદર્શ વાક્ય હતું કે, "આપણા શૌચાલયો એટલા સ્વચ્છ હોવા જોઈએ કે, ત્યાં બેસીને સંધ્યા-પૂજા કરવાનું મન થાય." તેને બદલે ગુજરાત વિદ્યાપીઠના છાત્રાલયોના શૌચાલયો અને સ્નાનાગાર પૂર્ણતઃ ગંદકીથી ભર્યા પડ્યા છે. સ્નાનગૃહોમાં તમાકુના પાઉચ, તૂટેલી પાઈપો અને છાત્રાલયની ગંદી દીવાલો, તૂટેલા પંખા, વિદ્યાર્થીઓના બેહદ ગંદા બિસ્તર અને પારાવાર ગંદકી જોઈને આચાર્ય દેવવ્રતજી અત્યંત વ્યથિત થયા હતા. પૂજ્ય ગાંધીજીના આદર્શો પર ચાલતી સંસ્થામાં ભણતા અને રહેતા વિદ્યાર્થીઓ તમાકુનું સેવન તો ન જ કરતા હોવા જોઈએ. તેને બદલે છાત્રાલયની દિવાલો પર તમાકુની થૂંકની પિચકારીઓ અને લાલ થઈ ગયેલી ફર્શ જોઈને આચાર્ય દેવવ્રતજી ખૂબ દુઃખી થયા હતા. તેઓ એકાએક ગુજરાત વિદ્યાપીઠ પહોંચ્યા હતા અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ૨૫ થી ૩૦ જેટલા સફાઈ કામદારોને બોલાવીને સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું હતું. ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક રાજેન્દ્ર ખીમાણી અને રજીસ્ટ્રાર નિખિલ ભટ્ટને પણ તેમણે સમગ્ર વિદ્યાપીઠ પરિસરમાં સ્વચ્છતા જાળવવાનો આગ્રહ કર્યો હતો. આ વેળાએ અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારસન, નાયબ મ્યુનિસિપલ કમિશનર આઈ. કે. પટેલ, સી. આર. ખારસાણ, મદદનીશ કમિશનર રાહુલ શાહ અને અન્ય ઉચ્ચ અધિકારીઓએ ઉપસ્થિત રહીને સ્વચ્છતા અભિયાનમાં સક્રિય યોગદાન આપ્યું હતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આજે અનુસ્નાતક છાત્રાલય સંકુલ, યોગ વિદ્યા વિભાગ અને પ્રાર્થનાસભા સંકુલની મુલાકાત લીધી હતી. આ સ્થળોની પરિસ્થિતિ નિહાળીને તેઓ દુઃખી થયા હતા. 'ગાંધીયન' વિચારસરણી સાથે કામ કરતી સંસ્થામાં વાસ્તવિક સ્થિતિ કેટલી વિપરીત છે ! 'ગાંધીયન' ગંદકીમાં નિવાસ કરી રહ્યા છે. ગાંધીવિચાર સાથે કામ કરતી સંસ્થાની સ્થિતિથી દુઃખી થઈને તેમણે સ્વયં સ્વચ્છતા અભિયાન ઉપાડ્યું છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુજરાત વિદ્યાપીઠની મુલાકાત વેળાએ કહ્યું હતું કે, યુવા વિદ્યાર્થીઓ ભારે ઉર્જાવાન હોય છે. એમની ઊર્જાને સર્જનાત્મક અને હકારાત્મક બાબતો તરફ વાળવી પડે. દરેક યુવાનોએ દિવસમાં બે વખત પરસેવો પાડવો જ પડે, અન્યથા એ નુકસાનકર્તા સાબિત થાય. ગુજરાત વિદ્યાપીઠના રમતગમતના મેદાનો સૂના પડ્યા છે. રમતગમતના એક પણ સાધનો નથી. રમતના મેદાનો પર ઘાસ ઉગી નીકળ્યું હોય એ જ બતાવે છે કે પરિસ્થિતિ કેટલી ગંભીર છે. પૂજ્ય ગાંધીજીના વિચારો જ્યાં જીવંત છે એ સંસ્થાને આપણે પૂજ્ય ગાંધીજીના વિચારોને અનુરૂપ બનાવવાની છે એમ તેમણે કહ્યું હતું.

## ચિલોડા પ્રાથમિક શાળાનો ૧૩૧મો સ્થાપના દિવસ ધામધૂમથી ઉજવવામાં આવ્યો

ચિલોડા, તા. ૧૬
ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા સ્થિત ચિલોડા પ્રાથમિક શાળા ૧૩૦ વર્ષ પૂર્ણ કરી ૧૩૧મા વર્ષમાં મંગલ પ્રવેશ કરતા તેનો સ્થાપના દિવસ ૧૫-૧૨-૧૮૯૨ હોવાથી ૧૩૧મા વર્ષમાં પ્રવેશ કરતાં ચિલોડા ગ્રામ પંચાયત અને શાળા વ્યવસ્થાપન સમિતિ અને શાળાના સંયુક્ત ઉપક્રમે સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે યોજાયેલ સમારોહમાં પ્રથમ બાળાઓ સુંદર પ્રાર્થના રજૂ કરી હતી. ત્યારબાદ સ્વાગત પ્રવચન શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. આ પ્રસંગે દીપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ઉપરાંત મંડળીના ચેરમેન રમણભાઈએ શાળાનો ઈતિહાસ વિશે માહિતી આપી હતી. આ સાથે ૧૩૧મા સ્થાપના દિને કેક કાપી ઉજવણી કરી હતી. શાળાને શણગારથી શોભાયમાન કર્યુ હતુ.


આ પ્રસંગે શિક્ષણવિદ નટુભાઈ પટેલે શાળાનો વિકાસ, શૈક્ષણિક બાબતો, વિદ્યાર્થીઓ માટે કેળવણી ઉત્તમ સાધન છે.




શિક્ષણની ભૌતિક સુવિધાઓ, ભૂતપૂર્વ શિક્ષકોને યાદ કરી તેમની કામગીરીની પ્રસંશા કરી હતી. આ સાથે વિદ્યાર્થીઓએ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. આ સમારોહમાં ગામના સરપંચ અને સેવાભાવી યુવા અગ્રણી જયમીનભાઈનું શાલથી સન્માન કરી તેમના દ્વારા ઉપસ્થિત મહેમાનો અને વિદ્યાર્થીઓને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી.

આ પ્રસંગે ગામ પંચાયત સભ્યો, એસ.એમ.સી.ના સભ્યો અને અન્ય ગામના આગેવાનો તથા વાલીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમને ગૌરવપૂર્ણ રીતે ઉજવણી કરવામાં સહયોગી બન્યા હતા. અંતમાં શાળાના શિક્ષક રાકેશભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

## પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજીનું રાજભવનમાં ઉષ્માભર્યું સ્વાગત કરતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રત



ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ જી ગુજરાતની બે દિવસની યાત્રાએ પધાર્યા છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આજે બપોરે રાજભવન, ગાંધીનગર ખાતે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજી આવતીકાલે સાંજે પરત દિલ્હી જશે.